



**જળાશયોનાં પાણી સુકાઈ રહ્યાં હોય ત્યારે તેમાંના જીવજંતુઓનો પેઇન્ટેડ સ્ટોર્ક સફાયો બોલાવીને કુદરતી રીતે સફાઈનું અને અમુક જીવોનું નિયંત્રણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે**

# પીળી ચાંચ ઢોંક (Painted Storke)

## પંખી લોક

★ પ્રવીણ સરવૈયા

આપણે ત્યાં જળકાંઠાનાં ક્ષેત્રોમાં વિપુલ પ્રમાણમાં પક્ષીઓ જોવા મળે છે. પક્ષીઓની સંખ્યાની સાથોસાથ તેમાં વૈવિધ્ય પણ અપાર છે. નદી, સરોવરો કે તળાવોના કાંઠે આપણને દેખાતાં પક્ષીઓમાં કેટલાંક અહીંનાં સ્થાનિક રહેવાસી હોય છે, તો કેટલાંક મુલાકાતી હોય છે. જળકાંઠાનાં અહીંનાં પક્ષીઓમાં સૌથી વ્યાપક પંખીઓમાં બગલો પ્રથમ નંબરે આવે. બગલામાં પણ ઘણીબધી જાતો આપણે ત્યાં જોવા મળે છે.

પેઈન્ટેડ સ્ટોર્ક આપણો સૌથી વ્યાપક અને સુંદર બગલો છે. તેનું દેશી નામ પીળી ચાંચ ઢોંક છે. તેને રંગીન બગલો પણ કહે છે. તેનું કદ લગભગ ત્રણ-સાડાત્રણ ફૂટ જેટલું છે. તેની ચાંચ જાડી અને લાંબી છે. તેના આખા શરીરમાં પાંખોનો રંગ જુદો તરી આવે છે. તેની પાંખોમાં કાળા પટ્ટા છે અને કાળા ભાગની વચ્ચે ગુલાબી રંગ છે. ધોળા, કાળા અને ગુલાબી રંગથી તે ખૂબ શોભે છે. તેની પૂંછડીનો ભાગ પણ કાળો રંગ ધરાવે છે. તેના પગ ફિક્કા ગુલાબી રંગના છે. ચાંચ પાસે ખુલ્લી નારંગી ચામડી મીણ જેવી લાગે છે.

પેઈન્ટેડ સ્ટોર્ક પાંચ-દસના જૂથમાં નાના તળાવ કે સરોવરમાં જોવા મળે છે. તે પાણીમાં ચાંચ ખુલ્લી રાખીને હળવા પગે જીવાતની શોધમાં ફરે છે. તેની ચાંચ બહુ મોટી અને મજબૂત હોય છે. તે ઘણીવાર પાણીમાં સ્થિર ઊભા રહીને દેડકાં કે માછલાંનો ઇંતેજાર કરે છે. છીછરું પાણી હોય અને કાદવ-કીચડ હોય એવી જગ્યાએ પાણી ડહોળીને જીવાત, માછલાં, કરચલા, દેડકાં વગેરેને તે સારી પેઠે પકડે છે. જળાશયોનાં પાણી સુકાઈ રહ્યાં હોય ત્યારે તેમાંના જીવજંતુઓનો પેઇન્ટેડ સ્ટોર્ક સફાયો બોલાવીને કુદરતી રીતે સફાઈનું અને અમુક જીવોનું નિયંત્રણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

તે ગીધની જેમ આકાશમાં ગોળ-ગોળ ચકરાવા મારે છે. ઊડતી વખતે તે પાંખોને વારંવાર જોરથી વીંઝ્યા પછી થોડી થોડી વાર સ્થિર પાંખો પર સરકતાં જાય છે. પછી પાણીમાં કે પાણીકાંઠે ઊભેલાં વૃક્ષો પર પાંચ-સાત ઢોંક એકસાથે ઊતરે છે. ઉનાળામાં રંગીન ઢોંકનાં પીંછાં બદલાઈ જતાં તે મેલું અને ગંદું લાગે છે.

શિયાળાની ઋતુમાં ઢોંક ઝાડ પર માળા બાંધે છે. કાંકણસાર, કાજિયા કે બીજા બગલાની સોબતમાં ઢોંકના માળા હોય છે. ઝાડની ડાળી-ડાંખળીનો બહુ સારો ન કહી શકાય તેવો એનો માળો હોય છે. માળાની વચ્ચેની છીછરી જગ્યામાં પાણીની વનસ્પતિ વડે મુલાયમ ગાદી બનાવીને તેમાં ત્રણથી પાંચ સફેદ ઈંડાં મૂકે છે. ઈંડાં પર બહુ તડકો પડતો હોય ત્યારે ઢોંક ખુલ્લી પાંખો રાખીને ઈંડાં પર છાંયો રાખે છે.



પેઈન્ટેડ સ્ટોર્ક ખરેખર જોવા જેવું સુંદર પક્ષી છે.

આ ઉપરાંત બીજી બે-ત્રણ જાતનાં ઢોંક પણ આપણે ત્યાં જોવા મળે છે. તેના શરીરના રંગ પરથી તેનાં નામ કાળી-ડોક ઢોંક અને ધોળી-ઢોંક છે, પણ દેખાવમાં પેઈન્ટેડ સ્ટોર્ક બધાંથી અવ્વલ છે. તરત નજરે ચડી જાય એવો આ મોટો બગલો ગામ- શહેરના નાનાં મોટાં જળાશયો અને નદી નાળાંમાં ખોરાક શોધતો અવશ્ય મળી જાય છે... કેવળ આપણી દૃષ્ટિ સતેજ હોવી જોઈએ. તેમજ નિરીક્ષણ કરવાની ટેવ હોય તો કુદરતનમાંના આ અલબેલાં પંખીઓ જરૂર નજરે ચડી જશે.

# જિનપિંગ ભારત આવ્યા, તે પહેલા તેમની કારને કાળા કવરમાં કેમ છુપાવવામાં આવી?

દિલ્હીમાં 18મા BRICS શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ભારતમાં પહોંચી ચૂક્યા છે, પરંતુ તેમના ભારત પહોંચવાના એક દિવસ પહેલા દિલ્હીમાં તેમની સત્તાવાર કારને કાળા કવરમાં લઈ જતી તસવીરો સામે આવી, જેણે લોકોનું ધ્યાન ખેંચ્યું. ખાસ વાત એ રહી કે જ્યારે શી જિનપિંગ ભારતમાં પહોંચ્યા અને તેમના કાફલાની ગાડીઓ રસ્તા પર ઉતરી, ત્યારે તેમની કાર પર તે કાળો કવર નહોતો. આવા સમયે સવાલ ઉઠ્યો કે આખરે ભારત પહોંચતા પહેલા ચીનના રાષ્ટ્રપતિની કારને આ રીતે ઢાંકીને કેમ લાવવામાં આવી હતી?

વીડિયોમાં શી જિનપિંગની સત્તાવાર કારને દિલ્હીના રસ્તાઓ પર કવર સાથે જ દોડતી જોવામાં આવી હતી. જોકે, આ કોઈ અચાનક કરવામાં આવેલી વ્યવસ્થા નહોતી. વિદેશી પ્રવાસો પર રાષ્ટ્ર અધ્યક્ષ માટે ઉપયોગમાં લેવાતી સત્તાવાર ગાડીઓને અલગથી લાવવામાં આવે અને તેમને ટ્રાન્સપોર્ટ



દરમિયાન ઢાંકીને રાખવું, એ સુરક્ષા તથા લોજિસ્ટિક વ્યવસ્થાનો ભાગ છે.

## કેમ ઢાંકવામાં આવી કાર?

કવરનો હેતુ ગાડીને ધૂળ, હવામાન અને રસ્તામાં થતા કોઈ નુકસાનથી બચાવવાનો હોઈ શકે છે. આ સાથે જ અત્યંત સુરક્ષિત સરકારી વાહનોને પરિવહન દરમિયાન બિનજરૂરી રીતે જાહેર નજરોથી દૂર રાખવું પણ આવી વ્યવસ્થાનો ભાગ હોઈ શકે છે.

## શી જિનપિંગ કઈ કારમાં ફરે છે?

શી જિનપિંગ માટે ઉપયોગમાં લેવાતી સત્તાવાર લિમોઝિન Hongqi N701 છે. તેને ચીનની કંપની FAWના Hongqi બ્રાન્ડે બનાવી છે. Hongqiનો ચીનના રાજકીય નેતૃત્વ સાથે જૂનો સંબંધ રહ્યો છે. 1958માં ફર્સ્ટ ઓટોમોટિવ વર્ક્સે તેને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી નેતૃત્વના સત્તાવાર વાહનો તરીકે વિકસિત કરી હતી.

સમય જતાં આ બ્રાન્ડ ચીનના ટોચના રાજકીય નેતૃત્વ અને મોટા રાજકીય કાર્યક્રમો સાથે જોડાઈ ગઈ. N701ને વિશેષ રૂપે રાષ્ટ્રપતિ સ્તરના ઉપયોગ માટે તૈયાર કરાયેલી અત્યંત સુરક્ષિત સરકારી ગાડી માનવામાં આવે છે. વિદેશ યાત્રાઓમાં પણ ચીન પોતાના ટોચના નેતા માટે ઘરેલું કંપનીની બનેલી કારનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે.

શી જિનપિંગ લગભગ સાત વર્ષ પછી ભારત પ્રવાસે આવ્યા છે. 12 અને 13 સપ્ટેમ્બરે યોજાનારા સંમેલનમાં દુનિયાની ઉભરતી અર્થવ્યવસ્થાઓ સાથે જોડાયેલા ઘણા મોટા મુદ્દાઓ પર ચર્ચા થવાની છે. આ યાત્રા ભારત-ચીન સંબંધોની દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ છે. 2020ના ગલવાન સંઘર્ષ પછી બંને દેશોના સંબંધોમાં લાંબા સમય સુધી તણાવ રહ્યો. હવે બંને પક્ષ સંબંધોને સ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.